# ગાંધીધામમાં પોલીસે ૧૭ હજારનો શરાબ ઝડપ્યો

ગાંધીધામ, તા. ૧૭ : શહેરના ગણેશનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં છાપો મારી એલસીબીએ રૂા. ૧૭,૪૦૦નો અંગ્રેજી શરાબનો જથ્થો પકડી પાડયો હતો. પરંતુ સૂત્રધાર હાથમાં આવ્યો ન હતો.

ગણેશનગરમાં રહેતા શૈલેશ અરજણ કન્નરના મકાનમાં આજે સાંજે બાતમીના આધારે એલસીબીએ દરોડો પાડયો હતો. પોલીસવાન જોઇને આ શખ્સ નાસી ગયો હતો. તેના મકાનમાંથી પોલીસે સિગ્નેચરની ૫, બ્લેન્ડર પ્રાઇડની ૬, ગ્રીનલેબલની ૬, રોયલ સ્ટેગની ૨૪ બોટલ તથા ઓફિસર્સ ચોઇસના ૧૪ કવાર્ટરિયા એમ રૂા. ૧૭,૪૦૦ તથ રોકડ રૂા. ૨૦૦૦ એમ કુલ રૂા. ૧૯,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



અંજારમાં બ્રહ્મસમાજની મહિલાઓ માટેના શિબિરમાં ઉપસ્થિતોને માહિતી આપતા મંચસ્થ અગ્રણીઓ.

# અંજારમાં નિઃશુલ્ક પ્રશિક્ષણ શિબિરમાં ૫૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો

અંજાર, તા. ૧૭ : ભક્તિ નિકેતન એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ (મહિલા પાંખ) દ્વારા પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ થયો હતો જેમાં શહેરની બ્રહ્મસમાજની ૫૦થી વધુ મહિલાઓ એક મહિના સુધી નિઃશુલ્ક શિબિરમાં જોડાશે તેમને મડવર્ક, જુડવર્ક, ટેલરિંગ, કૂકિંગ, કરાટે વિ. ઉપયોગી તાલીમો અપાશે.

મહિલા પાંખના પ્રમુખ નીતાબેન જાનીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમનું ઉદ્ઘાટન નોટરી એડવોકેટ માજી મેયર મૃદુલાબેન પાંડેએ કર્યો હતો. નગરપાલિકાના ઉપાધ્યક્ષા જયશ્રીબેન પંડયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મૃદુલાબેને જણાવ્યું કે, સમસ્ત બ્રહ્મસમાજના લોકો માટે રચનાત્મક કાર્યની પ્રવૃત્તિને વેગ આપ્યો હોય તો ભક્તિ નિકેતન એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ દ્વારા જેમાં વિશેષમાં મહિલા પાંખની રચના કરી અને મહિલાઓને ઉપયોગી શિક્ષણ મળે તે માટેનાં પગલાંને આવકારદાયક ગણાવ્યું હતું. ટ્રસ્ટના અધ્યક્ષ નીતાબેને ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષથી મહિલાઓ માટે ઉપયોગી એવા કાર્યક્રમો થાય છે જેમાં સિલાઇ મશીન અર્પણ કરવા, વિધવાઓને વાર્ષિક પેન્શન આપવું વિ.ના સમાવેશ સાથે બ્રહ્મસમાજની વિદ્યાર્થિનીઓને શિક્ષણ સહાય અપાય છે. પ્રશિક્ષણના સંચાલિકા રીઝવાના ખત્રીએ શરૂ થતા વર્ગો વિશે માર્ગદર્શન અને તેના મહત્ત્વ વિશે સમજ આપી હતી. સંચાલન અરુણાબેન છત્રે અને આભારવિધિ ગીતાબેન દવેએ કર્યા હતા.

# ગાંધીધામ શહેર ભાજપની પ્રથમ કારોબારીમાં વિવિધ ઠરાવો પસાર

## ગાંધીધામ વિધાનસભાની સમીક્ષા બેઠક યોજવા ધારાસભ્યનો અનુરોધ

ગાંધીધામ, તા. ૧૭ : ગાંધીધામ શહેર ભાજપની તાજેતરમાં યોજાયેલી પ્રથમ કારોબારીમાં પક્ષ દ્વારા યોજાનારા આગામી કાર્યક્રમો વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી તેમજ વિવિધ ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા.

આ બેઠકને સંબોધતાં ગાંધીધામના ધારાસભ્ય રમેશભાઇ મહેશ્વરીએ ગાંધીધામ વિધાનસભાની સમિતિ બેઠક યોજવા તેમજ નગરપાલિકા આપણે દ્વારે કાર્યક્રમ શહેરના દરેક વોર્ડમાં વિકાસકામોની યાદી તૈયાર કરવા, પક્ષના કાર્યકર્તાઓને વિકાસને લગતા પ્રશ્નો સ્થાનિક મંડલ સમિતિ પાસે રજૂ કરવા સૂચન કર્યુ હતું. શહેર ભાજપના પ્રભારી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સતીશ છાંગાએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડવા બદલ સર્વે કાર્યકરોને બિરદાવી વિવિધ ભાવિ કાર્યક્રમો અંગે રૂપરેખા આપી હતી.

જીડીએ ચેરમેન મધુકાંત શાહે જીડીએના ભાવિ આયોજનોની રૂપરેખા આપી હતી. પક્ષના અગ્રણી હીરાલાલ પારખે કાર્યકર્તાઓને આગામી લોકસભા ચૂંટણી સંબંધી માર્ગદર્શન આપ્યું હતું. શહેર ભાજપ મહામંત્રી પુનિત દુધરેચિયાએ વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપી હતી.

શહેર ભાજપ અધ્યક્ષ નારી પરિયાણીએ સ્વાગત પ્રવચનમાં સર્વે મહેમાનોને આવકારી સંનિષ્ઠ કાર્યકર્તાની ફોજ તૈયાર કરવા માટે આહ્વાન કર્યુ હતું. શહેર ઉપપ્રમુખ દામજી ભાનુશાલીએ રાજકીય ઠરાવોનું વાંચન કર્યુ હતું. સંચાલન મહામંત્રી પુનિત દુધરેચિયાએ સંભાળ્યું હતું, જ્યારે આભારવિધિ મહામંત્રી મૂળજી સચદેએ કરી હતી.


તોલાણી કોલેજ ખાતે ત્રિકમ આહીરે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો ત્યારની તસવીરમાં વાસણભાઇ આહીર, શ્રી પારખ, અંજના મેડમ, પ્રો. કૃપાલાણી, શ્રી ગઢવી અને ડો. ધર્માણી.

# આદિપુરની તોલાણી કોલેજમાં પૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા યાદોં કા સફર કાર્યક્રમ

## ગાંધીધામના ધારાસભ્ય દ્વારા કોલેજના વિકાસ માટે ૩ લાખની જાહેરાત

આદિપુર, તા. ૧૭ : અહીંની ૫૧ વર્ષીય સદાબહાર તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના પૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા 'યાદોં કા સફર' નામે આયોજિત સંગીતસંધ્યામાં કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજના વિકાસમાં સહભાગી બનવાની ખાતરી આપી હતી, તો ગાંધીધામના ધારાસભ્ય રમેશ મહેશ્વરીએ રૂા. ત્રણ લાખના દાનની જાહેરાત કરતાં તાળીઓથી વધાવી લેવાયા હતા.

અંજારના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી વાસણભાઇ આહીરે વિદ્યાર્થીઓને આગળ આવી માતૃ સંસ્થાનું ઋણ ચૂકવવા અનુરોધ કર્યો હતો. દિલ્હી પબ્લિક સ્કૂલના પ્રો. વાઇસ ચેરમેન અને તોલાણી કોલેજના પૂર્વ વિદ્યાર્થી ચંદ્રશેખર અયાચીએ તન-મન-ધનથી સેવા કરવાની ખાતરી આપી હતી. પ્રારંભે સંસ્થાના આચાર્ય ડો. સુશીલ ધર્માણીએ મહેમાનોને આવકારતાં કોલેજના વિકાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. દિવસોદિવસ વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યા સામે વર્ગખંડ અને પ્રયોગશાળાઓ ટૂંકી પડે છે, તેમણે વધુમાં ઉમેર્યું કે હાલના તબક્કે આ માટે રૂા. ૨૫ લાખની જરૂર છે.

જીસીબીના પદાધિકારીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ પ્રો. કૃપાલાણી, ભચાઉના વનરાજસિંહ જાડેજા, હીરાલાલ પારખ, કચ્છ ભાજપના મોમાયા ગઢવી, નરેશ બૂલચંદાણી, તીંણા ચતુરાણી, મોહિત માતા, પ્રકાશ બાવા, બળવંત ગઢવી, માની કરિશ્મા વગેરે પૂર્વ છાત્રોની ઉપસ્થિતિમાં મહેન્દ્રભાઇ, જી. એસ. રાણા, સ્નેહાબેને ક્વતેલા જમાનાના ફિલ્મી ગીતો રજૂ કરીને મનોરંજન પૂરું પાડ્યું હતું.

પ્રો. સોનુ દરિયાણીએ બોલીવૂડ ક્વીઝ રજૂ કરી હતી. સંગઠનના પ્રમુખ ત્રિકમ આહીરે પણ કોલેજના વિકાસ માટે ખાતરી આપી હતી. તેમણે મહેમાનોને પ્રતીક ભેટ દ્વારા આવકાર્યા હતા. ડો. રેણુ હિંગોરાણીએ સંચાલન કર્યું હતું, તો ડો. વિમ્મી સદારંગાણીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. નરેશ સોનારીવાલે સંગીત વિભાગનું સંચાલન શેરો-શાયરીની છાંટ સાથે સંભાળ્યું હતું.

પ્રભુદર્શન ખાતે આયોજિત આ રંગારંગ કાર્યક્રમમાં અનેક પૂર્વ છાત્રોએ ઉપસ્થિત રહીને જૂની સ્મૃતિઓ વાગોળી હતી. તેઓએ ગુરુઓનાં દર્શન કરીને ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ પણ મેળવ્યા હતા.

# પડતર પ્રશ્નોને લઇને ગાંધીધામમાં રેલવે કર્મચારીઓનો સૂત્રોચ્ચાર

## પશ્ચિમ રેલવે મજદૂર સંઘ દ્વારા એરિયા મેનેજરને આવેદનપત્ર અપાયું

ગાંધીધામ, તા. ૧૭ : વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા પૂરતું બોનસ આપવા, સાતમું પગારપંચ લાગુ કરવા, રેલવેમાં પડેલી ખાલી જગ્યાઓ ત્વરિત ભરવા સહિતની માંગ સાથે એરિયા રેલવે મેનેજર કચેરી સમક્ષ દેખાવો કરી એ.આર.એમ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

અમદાવાદના ડી.આર.એમ.ને સંબોધીને પાઠવાયેલું આવેદનપત્ર અહીંના રેલવે એરિયા મેનેજર મધુકર રોતને આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રેલવેના કર્મચારીઓને આપવામાં આવતા બોનસ પૂરતા પ્રમાણમાં આપવામાં આવે, રિસ્ટ્રકચરિંગ જલ્દી લાગુ કરવા માંગ કરાઇ હતી.

તેમજ સાતમું પગારપંચ ઝડપથી લાગુ કરવા અને રેલવેતંત્રમાં રહેલી વરસો જૂની વિવિધ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપી આ જગ્યાઓ ત્વરિત ભરવા માંગ કરવામાં આવી હતી. એ.આર.એમ.ને આવેદનપત્ર આપતી વેળાએ રેલવેના અન્ય કર્મીઓ સાથે સંગઠનના પવન યાદવ, વીરેન્દ્ર ગેહલોત, ગજેન્દ્રસિંહ ચૌહાણ, હરિરામ યાદવ, શ્રીરામ યાદવ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કંડલા-ગાંધીધામને લગતા પ્રશ્નો સત્વરે ઉકેલવા શિપિંગ મંત્રાલયની ફરી ખાતરી

## ચેમ્બર ઓફ કોમર્સે દિલ્હી જઇને ફ્રી હોલ્ડ સહિતની કરેલી રજૂઆત

ગાંધીધામ, તા. ૧૭ : કંડલા સંકુલને સ્પર્શતા ફ્રી હોલ્ડ જમીન સહિતના પ્રાણપ્રશ્નો અંગે વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે શિપિંગ સચિવને રૂબરૂ મળી વિસ્તૃત રજૂઆતો કરી હતી.

ચેમ્બર પ્રમુખ બચુભાઇ આહીરના જણાવ્યા પ્રમાણે ગાંધીધામ, કંડલા સંકુલની તમામ જમીનો ફ્રી હોલ્ડ કરવા, બંદર પરના વિવિધ સેવાના દરમાં વધારો પ્રવર્તમાન ફુગાવાજન્ય અને મંદીના માહોલ વચ્ચે આંશિક રીતે વધારવા, મોર્ગેજ ફી ન્યૂનતમ દરે વસૂલવા, બંદર પરની ૬, ૧૧ અને ૧૨ નંબરની બંધ પડેલી જેટી શરૂ કરવા, લિક્વિડ ટેન્ક ટર્મિનલ પુનઃ શરૂ થાય તે માટે પોલિસી ઘડવી, બંદર પર કન્ટેનર કાર્ગો હેન્ડલિંગમાં થતો સતત ઘટાડો, ઓન બોર્ડ લેબર ચાર્જનો વધારો અમલી ન કરવા વગેરે પ્રશ્ને રજૂઆતો - વિસ્તૃતમાં ચર્ચા- વિચારણા થઇ હતી.

શિપિંગ સેક્રેટરી વિશ્વપતિ ત્રિવેદીએ પ્રત્યુત્તરમાં હકારાત્મક પ્રતિસાદ આપતાં જણાવ્યું હતું કે, જમીનો ફ્રી હોલ્ડની ફાઇલ વિવિધ મંત્રાલયોમાંથી પ્રસાર થયા બાદ હવે નાણામંત્રાલયમાં મોકલવામાં આવી છે તેવું જણાવી આ અંગેનો નિર્ણય ટૂંક સમયમાં લેવામાં આવશે તેવું ઉમેર્યું હતું માર્ગેજ ફી ન્યૂનતમ દરે વસૂલવામાં આવે તે માટે તુરંતમાં જાહેર થનારી લેન્ડ પોલિસીમાં તેનો સમાવેશ કરી લેવાશે તેવી માહિતી શિપિંગ સચિવે આપી હતી. કન્ટેનર ટ્રાફિકના ઘટાડાથી આંતરરાષ્ટ્રીય સ્તરે કંડલા પોર્ટની ખરડાતી છાપ અંગે કરાયેલી રજૂઆત સંદર્ભે સચિવે કહ્યું હતું કે, પોર્ટમાં કન્ટેનર ટ્રાફિક માંગ જળવાઇ જ ન રહેતાં તેમાં ઉત્તરોત્તર વધારો થાય તેવી કાર્યવાહી કરાશે. પ્રતિનિધિમંડળમાં ઉપપ્રમુખ નંદલાલ ગોયલ, સહમંત્રી આશિષ જોશી, પૂર્વ પ્રમુખ દિનેશ ગુપ્તા, કંડલા ટિમ્બર એસોસિયેશનના પ્રમુખ વિનોદ બિંદલીશ જોડાયા હતા તેવું માનદમંત્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું.


સીમાસુરક્ષા જાગૃતિ અર્થે કોટેશ્વરથી શરૂ થયેલી બાઇક રેલી તુણા પહોંચી ત્યારે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત કેપીટી ચેરમેન, કોસ્ટગાર્ડ કમાન્ડન્ટ તથા પૂર્વ કચ્છ પોલીસવડા સાથે બાઇક સાહસિકો જણાય છે.

# કાંઠાળ ગામના યુવાનો કોસ્ટગાર્ડમાં જોડાય

## સીમાસુરક્ષા જાગૃતિ અંગેની બાઇક રેલીની તુણા ખાતે થઇ પૂર્ણાહુતિ

ગાંધીધામ, તા. ૧૭ : મુંબઇ ઉપર થયેલા ત્રાસવાદી હુમલા બાદ ભારતની કાંઠાળ સીમાની સુરક્ષા પ્રશ્ને તમામ સુરક્ષા એજન્સીઓ સતર્ક છે ત્યારે કચ્છમાં ગઇકાલે કોટેશ્વરથી શરૂ થયેલી ચાર એજન્સીઓની સંયુક્ત બાઇક રેલી આજે સાંજે તુણા બંદરે સમાપ્ત થઇ હતી. તુણા ગામે યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડાએ કાંઠાળ ગામના યુવાનોને દેશની સુરક્ષા અર્થે કોસ્ટગાર્ડમાં જોડાવા આહ્વાન કરવા સાથે તમામ મદદની ખાતરી આપી હતી.

હેડકવાર્ટર કોસ્ટગાર્ડ રિજિયન (નોર્થ-સાઉથ) દ્વારા 'ઇફ યુ સી સમથિંગ સે સમથિંગ'ના સૂત્ર સાથે યોજાયેલી આ બાઇક રેલીમાં કોસ્ટગાર્ડ ઉપરાંત ભારતીય નૌસેના, સીમાસુરક્ષા દળ તથા પોલીસદળના જવાનો જોડાયા હતા. આજે સાંજે આ રેલી તુણા પહોંચતાં ગ્રામજનોએ તેનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

સમાપન કાર્યક્રમમાં બોલતાં કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન પી. ડી. વાઘેલાએ તમામ એજન્સીઓને સાથે રાખીને સીમાની સુરક્ષા કાજે જાગૃતિ લાવવાના હેતુથી કોસ્ટગાર્ડે કરેલાં આ આયોજનને બિરદાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, દરિયાઇ સીમાની સુરક્ષા કાજે માછીમારો જ સૈનિક છે.

મુંદરા કોસ્ટગાર્ડ યુનિટના કમાન્ડન્ટ આર. કે. શ્રીવાસ્તવે મુંબઇ ત્રાસવાદી હુમલા બાદ કચ્છમાં કાર્યરત એજન્સીઓનું સંકલન કરાયું છે. એજન્સીના આ સમન્વયને કોસ્ટલ સિકયોરિટી મેકેનિઝમ એટલે કે દરિયાઇ સુરક્ષા સંયંત્ર તરીકે ઓળખાય છે. દરિયામાં રહેલો માછીમાર કંઇપણ અજુગતું જુએ તો પોતાના મોબાઇલ ફોનથી ટોલ ફ્રી નંબર ૧૫૫૪ લગાડીને કોસ્ટગાર્ડનો કે ૧૦૯૩ લગાડી પોલીસ કન્ટ્રોલનો વિના વિલંબે સંપર્ક કરી શકે છે. પોલીસ સહિતની એજન્સીઓ તરત જ સક્રિય થઇ જશે.

પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા દિવ્ય મિશ્રએ તુણાના યુવાનો તથા આવા કાંઠાળ ગામના યુવાનોને કોસ્ટગાર્ડમાં જોડાઇ જઇને દેશસેવા કરવા આહ્વાન કર્યું હતું. આ એજન્સીને સ્થાનિક ભાષા જાણતાં જવાનોની જરૂરત છે. જો કોઇ તેમાં જોડાવા માગતું હશે તો પોલીસ તેમાં પૂર્ણ સહયોગ, જાણકારી આપશે તેવું તેમણે ઉમેર્યું હતું.

કોસ્ટગાર્ડના ડેપ્યુટી કમાન્ડન્ટ લક્ષ્ય શર્માએ ઉપસ્થિત માછીમારોને દરિયામાં જતી વખતે કાળજી દાખવવા, ઓળખપત્રો, સરપંચનો સહી-સિક્કાવાળો પત્ર સાથે રાખવા, નાની ઉંમરના બાળકોને સાથે ન લઇ જવા જેવી સૂચનાઓ આપી હતી. અગાઉ સરપંચ લુણા દિનેશભાઇ મકવાણા, વંડીના ઇબ્રાહીમભાઇ, નારણભાઇ, બીજલભાઇ, અજાભાઇ, શામજીભાઇ, કાસમભાઇ વગેરેએ ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કર્યું હતું.

વ્યવસ્થામાં એલ.સી.બી. પી.આઇ. બારિયા, શહેર પી.આઇ. ઝાલા વગેરેએ સહયોગ આપ્યો હતો. ઉપસ્થિત માછીમારોએ પણ ઓળખપત્ર સહિતના પોતાને નડતા પ્રશ્નોની સ્થળ ઉપર જ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી.

શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઇ દ્વારા
૪૧મો રાહતના દરે મેડિકલ અને સર્જિકલ કેમ્પ
રવિવાર, તા. ૨૨/૦૯/૨૦૧૩
(સંસ્થાએ માન્ય રાખેલ જરૂરિયાતમંદો માટે ફ્રી)
શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઇ દ્વારા આયોજિત કેમ્પમાં નીચે મુજબના ઓપરેશનો થશે.
• યુરોલોજી - કિડનીમાં પથરીના ઓપરેશન • કાન-નાક-ગળું - દરેક જાતના ઓપરેશન • કોઇપણ પ્રકારના દાંતના દુઃખાવાની સુવિધા • પ્લાસ્ટિક સર્જરી - દરેક જાતની પ્લાસ્ટિક સર્જરી • અલ્પવિકસિત શારીરિક તેમજ માનસિક બીમારી ધરાવતા બાળકોની સારવાર • ફિઝિશિયન દ્વારા તપાસ તથા સારવાર
મુંબઇના નિષ્ણાત ડોકટરો સારવાર અને ઓપરેશન કરશે.
આ કેમ્પમાં લાભ લેવા ઇચ્છતા દર્દીઓએ અગાઉથી હોસ્પિટલના ડો. આનંદ બક્ષી (એમ.એસ.)ની પાસે તપાસ કરાવી ઓપરેશન માટેના રિપોર્ટ સાથે ફાઇલ તૈયાર કરાવવી. ઓપરેશન માટે નક્કી થયેલ દર્દીએ તા. ૨૦-૦૯-૨૦૧૩ના શુક્રવારે દાખલ થવાનું રહેશે. અગાઉથી ટોકન ડિપોઝિટ ભરવાની રહેશે પછી જ દર્દીના ઓપરેશન માટે રજિસ્ટ્રેશન થશે.
તા. ૨૨/૦૯/૨૦૧૩, રવિવારે ઓપરેશન થશે.
(ફક્ત રજિસ્ટ્રેશન કરાવેલ દર્દીઓના જ ઓપરેશન કરવામાં આવશે)
• કાન-નાક-ગળાના દર્દીઓને ગુરુવાર, તા. ૧૯-૦૯-૨૦૧૩, સવારે ૯થી ૧૦ સુધીમાં કાન-નાક-ગળાના સર્જન પાસે તપાસ કરાવી ઓપરેશન માટે એપોઇન્ટમેન્ટ લેવી.
• યુરોલોજીમાં અગાઉથી નોંધણી કરાયેલા અને શુક્રવાર, તા. ૨૦/૦૯/૨૦૧૩ સુધીમાં દાખલ થઇ ગયેલ દર્દીઓના જ ઓપરેશન કરવામાં આવશે. બાકીના દર્દીઓને બીજા કેમ્પ સુધી રાહ જોવી પડશે.
• તે ઉપરાંત ENT તથા ફિઝિશિયન દ્વારા તપાસ તા. ૨૨/૦૯/૨૦૧૩ રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમ્યાન થશે. જેમાં ઓપરેશનલાયક દર્દીના ઓપરેશન કરવામાં આવશે.
• અલ્પવિકસિત શારીરિક તેમજ માનસિક બીમારી ધરાવતા બાળકો માટે મગજનો લકવો, માનસિક વિકૃતિ, નસોની અસામાન્યતા, સ્વલીનતાની માનસિક વિકૃતિ, શારીરિક વિકાસની અધુરાશ અને આવી અનેક માનસિક અને શારીરિક બીમારી ધરાવતા બાળકોની આ કેમ્પમાં તપાસ કરવામાં આવશે તેમજ માર્ગદર્શન આપવામાં આવશે.
: સ્થળ :
શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ
નેશનલ હાઇવે નં. ૮-અ, કસ્ટમ ચેકપોસ્ટ સામે, ભચાઉ (કચ્છ). ફોન : (૦૨૮૩૭) ૨૯૧૦૩૩
મુંબઇથી આવતા ડોકટરો કોઇપણ ચાર્જ લેતા નથી તેઓ ફક્ત માનદ્ સેવાઓ આપે છે

ચાલો માંડવી ૭૮૬/૯૨ ચાલો માંડવી
ઉર્સ મુબારક : કવ્વાલીનો શાનદાર કાર્યક્રમ
માંડવી મધ્યે નદીકાંઠે વ્હોરાના હજીરા પાસે **પીર શહેનશાહ અબ્દુલ્લા શાહ** (ઇટારાપીર)નો **ઉર્સ મુબારક** તા. ૧૯-૯-૨૦૧૩ (ગુરુવાર)ના ઉજવાશે. આ નિમિત્તે સાંજે ૪ કલાકે રૂકમાવતી નદીકાંઠેથી **સરાડા ઘોડાદોડ,** ઊંટદોડ બાદ **'ચાદર મુબારકનો સંદલ'** તથા રાત્રે ૧૦ કલાકે મશહુર કવ્વાલ **ચાંદ અફઝલ કાદરી (ધુલા બના હૈ ખ્વાઝા)**નો શાનદાર કવ્વાલીનો પ્રોગ્રામ રાખેલ છે તેમજ તા. ૨૦-૯-૨૦૧૩ (શુક્રવાર)ના બપોર પછી બહેનો માટે મેળો ભરાશે. આ **'ઉર્સ મુબારક'** પ્રસંગે સહભાગી થવા સર્વે હિન્દુ-મુસ્લિમ ભાઇઓને જાહેર નિમંત્રણ છે.
સ્થળ : વ્હોરાના હજીરા પાસે, નદીકાંઠે, માંડવી-કચ્છ.
નિમંત્રક : દુઆગીર મર્હૂમ મુજાવર સુલેમાન અબ્દુલ્લા (અધાભા) સમસ્ત પરિવાર માંડવી-કચ્છ. મો. નં. ૯૯૧૩૮ ૦૭૫૦૪

ડાયરો ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સેજા ભંડાર દાદાય નમઃ ॥ સંતવાણી
હાલો ખારોઇ ગામે સેજા ભંડાર દાદાના મેળે
જાહેર આમંત્રણ


અબોલ જીવોના લાભાર્થે યોજાયેલ કાર્યક્રમ
ભાદરવા સુદ પૂનમ, ગુરુવાર, તા. ૧૯-૯-૨૦૧૩
સ્થળ : ગામ ખારોઇ, તાલુકો ભચાઉ, જિલ્લો કચ્છ (વાગડ)
શ્રદ્ધાનો અખૂટ ભંડાર

દિવસના કલાકારો - ૧૨:૩૦થી ૫:૩૦
• જયેશ બારોટ - ભજનિક
• અભીતા પટેલ - લોકગાયક ગુજરાત
• નિશા બારોટ - ભજનિક
• ચંદુભાઇ ખેર - ભજનિક
• ભરતદાન ગઢવી - લોકસાહિત્યકાર
રાત્રિના કલાકારો - ૯:૩૦થી પરોઢ સુધી
• લક્ષ્મણ બારોટ - સંતવાણી સમ્રાટ
• કીર્તિદાન ગઢવી - ભજન સમ્રાટ
• ઉમેશ બારોટ - લોકગાયક ગુજરાત
• ડો. રણજિત વાંક - લોકસાહિત્યકાર
• બિરજુ બારોટ - સંતવાણી સમ્રાટ
: પધારનાર અતિથિવિશેષ મહાનુભાવો :
• વાસણભાઇ આહીર - ધારાસભ્ય (અંજાર) • વાઘજીભાઇ પટેલ - ધારાસભ્ય (રાપર)
• રમેશ મહેશ્વરી - ધારાસભ્ય (ગાંધીધામ) • વીરેન્દ્રસિંહ જાડેજા - પ્રમુખ, ભચાઉ નગરપાલિકા
• તારાચંદ છેડા - ધારાસભ્ય (માંડવી) • ધર્મેન્દ્રસિંહ જાડેજા - ભચાઉ તાલુકા પ્રમુખ
મેળાના દાતા : માતુશ્રી ગંગાબેન કરમશી નાનજી પટ્ટણી પરિવાર
પ્રવેશદ્વારના દાતા : માતુશ્રી ધનીબેન રાઘવજી છેડા પરિવાર
: તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન તથા યુનિફોર્મના દાતા :
ગંગાબેન કરમશી નાનજી પટ્ટણી પરિવાર, વાલીબેન મલા માદેવા પટ્ટણી પરિવાર, રમાબેન હંસરાજ રામજી નિસર, દેમાબેન ગેલાભાઇ ભોજાભાઇ મોતા પરિવાર
આયોજક : શ્રી ખારોઇ યુવક મંડળ (મુંબઇ)
રામજી મોરિયા-ચોબારી-૯૮૨૫૯ ૬૮૨૧૬